વિદેશી પ્રવાસોમાં સતત દોડી જતા અગરકરની રણજી ટ્રોફીમાં નોંધપાત્ર ગેરહાજરી

મુખ્ય પસંદગીકારનું કામ પ્રતિભાઓને શોધવાનું કે તેમને ધ્યાને લેવાનું હોય છે પણ અજીત અગરકર તેમાં નિષ્ફળ જ રહ્યો છે

ક્રિકેટરોને ઘરેલુ સર્કિટમાંથી બહાર રાખવા અંગે અવાજ ઉઠાવનારો અગરકર પોતે ડોમેસ્ટિક સ્પર્ધામાં હાજર નથી રહેતો

નવી દિલ્હી , તા. 28 : ભારતીય ક્રિકેટ ટીમની તાલીમ કીટ અને ક્લાઉડમોન્સ્ટર જોગર્સ પહેરીને, મુખ્ય પસંદગીકાર અજિત અગરકર નેટ સેશનમાં નિયમિત હાજરી આપે છે, તેમાં પણ ખાસ કરીને વિદેશમાં તેની હાજરી રહે જ છે. જ્યારે તે નેટમાં ટીમ પર નજર રાખતો નથી, ત્યારે તે ક્યાં તો ગોલ્ફ કોર્સ પર હોય છે અથવા ટીમ જેના પ્રવાસે ગઇ હોય તે દેશના જોવાલાયક સ્થળો પર દેખાય છે.

ભારતીય ટીમના ઇંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન સાથી પસંદગીકાર એસએસ દાસ સાથે પ્રખ્યાત બર્મિંઘમ કેનાલ સ્ટ્રેચ જોવા પહોંચ્યો કે પછી ત્યાની કોઇ પ્રસિદ્ધ ખાણીપીણી સ્થળની મુલાકાત લેતો તે દેખાયો હતો. જ્યારે આવું કંઈ થતું નથી, ત્યારે તે વિદેશી સ્થળોએ તેના નજીકના અને પ્રિયજનોના જન્મદિવસની ઉજવણીમાં હાજરી આપવા માટે ફરતો રહે છે.

જોકે, તેની કોઇ પણ ફ્લાઇટ કે માર્ગ જ્યાં સેંકડો ક્રિકેટરો રણજી ટ્રોફીમાં ભાગ લે છે તે ભારતના વિશાળ સ્થાનિક સેટઅપ તરફ વળતી દેખાઇ નથી. આ ટૂર્નામેન્ટ દાયકાઓથી સિનિયર ટીમ માટે ફીડર લાઇન રહી છે, પરંતુ વર્તમાન મુખ્ય પસંદગીકારે તેના પ્રત્યે આંખ આડા કાન કરવાનું પસંદ કર્યું છે. રણજી મેચોમાં તેમની મુલાકાતો ખૂબ જ ઓછી થઈ છે, અને તે પોતાના વારાની રાહ જોતા ક્રિકેટરો એકલવાયા અને હતાશા અનુભવી રહ્યા છે. છેલ્લા 12 મહિનામાં, અગરકર ઓસ્ટ્રેલિયા, દુબઈ, ઈંગ્લેન્ડ, દુબઈ અને ફરીથી ઓસ્ટ્રેલિયા ગયો છે. બે પ્રવાસો દરમિયાન તેની સાથે સાથી પસંદગીકાર એસએસ દાસ રહ્યો છે. આવી જ એક યાત્રા જે સમયે ઘરઆંગણે રણજી ટ્રોફી ચાલતી હતી ત્યારે વ્હાઇટ બોલ સીરિઝ દરમિયાન થઇ હતી. બે ભારતીય પસંદગીકારો ટીમ સાથે ત્રણ વનડે અને પાંચ ટી20આઈ માટે ગયા હતા, તે સમયે તેઓ લાલ બોલ નિષ્ણાતોના આગામી સેટને ઓળખવા માટે ઘરે પાછા ફરવા જોઈતા હતા.

2024માં રણજી મેચમાં હાજરી દરમિયાન અગરકરને પડીકલ મળ્યો હતો

રણજી મેચમાં અગરકરની છેલ્લી નોંધપાત્ર હાજરી 2024માં ચેન્નાઈમાં તમિલનાડુ અને કર્ણાટક વચ્ચેની મેચ દરમિયાન રહી હતી, તે સમયે દેવદત્ત પડીકલને તેની 151 રનની મજબૂત ઇનિંગને કારણે કેએલ રાહુલના સ્થાને ઈંગ્લેન્ડ સામેની ઘરેલુ ટેસ્ટ માટે તેનો પ્રથમ ટેસ્ટ કોલ અપ મળ્યો હતો અને તેણે એ સીરિઝના ટેસ્ટ ડેબ્યુમાં તેણે 65 રનની ઇનિંગ રમી હતી અને તે પછી ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં પર્થમાં એક ટેસ્ટ રમી, જો કે તે પછી પડીકલનું પત્તુ કપાઇ ગયું છે. જો અગરકરે સ્થાનિક સ્પર્ધાઓને વધુ મહત્વ આપ્યું હોત તો બીજા ઘણાં પડીકલ મળી શકે તેમ છે.

સરફરાઝ, કરુણ નાયર, અભિમન્યુ જેવાઓની પસંદગી ન કરવાનાં સ્પષ્ટ કારણ અપાયા નથી

અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિએ સરફરાઝ, કરુણ નાયર, અભિમન્યુ અને અન્યોને તેમની સાથે કરવામાં આવેલા વર્તન અને તેમની પસંદગી ન કરવાના કરણો સ્પષ્ટતાથી સમજાવવા જોઇએ. હકીકતમાં, આ તમામ નિષ્ણાત બેટ્સમેનોને અચાનક જ ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યા હતા, જેથી ફર્સ્ટ ક્લાસનો ઓછો અનુભવ ધરાવતા ખેલાડીઓને લાંબાગાળા માટે જાળવીને સિસ્ટમ તરફથી મજબૂત સમર્થન આપવામાં આવે. પસંદગીની વાત આવે ત્યારે, કોઈ કાળો કે ધોળો નથી.

પસંદગી માટે દરવાજા ખટખટાવતા ખેલાડીઓને જવાબ મળવાનો બંધ થઇ ગયો

મુખ્ય પસંદગીકાર રણજી રમતા કોઈ ખેલાડીને તક મળે ત્યારે તૈયાર રહેવા કહેતા હોય તેવા અસંખ્ય ઉદાહરણો છે. સંબંધિત રાજ્ય સંગઠનને પણ જે તે ખેલાડીની પ્રગતિ પર નજર રાખવા કહેવામાં આવ્યું હતું, પરંતુ આ બધું હવે અચાનક બંધ થઈ ગયું છે. દરવાજા ખટખટાવતા ખેલાડીઓને જવાબો મળી રહ્યા નથી અને પસંદગીની બાબતો હવે અલગ તરંગ લાઇન પર કાર્યરત હોય તેવું લાગે છે. કાર્યકાળ દરમિયાન અગરકરે તેમના પુરોગામીઓના પુસ્તકમાંથી એક પાન શીખવું જોઈતું હતું. તેઓએ તત્કાલીન NCA, ઇન્ડિયા A અને U-19 સેટ-અપ અને રાજ્ય સંગઠનો સાથે પણ કાર્યકારી સંબંધ જાળવી રાખ્યો હતો, જે અગરકર ચૂક્યો છે.

ભારતીય ક્રિકેટમાં પસંદગીનો માપદંડ હવે રણજી નહીં પણ આઇપીએલ છે

છેલ્લા 24 મહિનામાં ભારતીય ક્રિકેટમાં પસંદગીનો ટ્રેન્ડ ચિંતાજનક છે હવે પસંદગીનો માપદંડ ડોમેસ્ટિક ટૂર્નામેન્ટ નહીં પણ આઇપીએલ બની રહી છે. ધ્રુવ જુરેલ, નીતિશ કુમાર રેડ્ડી, પડિક્કલ અને સાઈ સુદર્શન બધા સહજ રીતે રમતા ખેલાડીઓ છે કારણ કે તેમની પાસે ફર્સ્ટ ક્લાસ ટીમનો રેકોર્ડ નથી. સરફરાઝ ખાન, અભિમન્યુ ઈશ્વરન, કરુણ નાયર, રજત પાટીદાર અને બાબા ઇન્દ્રજીત જેવા ખેલાડીઓ પાસે પહેલાની ટીમ જેવો ટેકો છે તેવો નથી. બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પહેલા ઇન્દ્રજીતને ટીમમાં પ્રથમ વખત ટીમમાં સ્થાન આપવામાં પસંદગીકારોને આટલા વર્ષો લાગ્યા તે આશ્ચર્યજનક હતું અને તે પછી તેને રમાડ્યા વગર ટીમમાંથી બહાર કરી દેવાયો.

ડોમેસ્ટીક રમવાની ખેલાડીઓને ફરજ પાડનારા પસંદગીકાર પોતે તેમાં હાજર રહેવાનું કેમ ટાળે છે

આ જ મુખ્ય પસંદગીકાર અજીત અગરકરે ક્રિકેટરોને ઘરેલુ સર્કિટમાંથી બહાર રાખવા અંગે ખૂબ જ અવાજ ઉઠાવ્યો હતો, પરંતુ તેના પોતાના કાર્યકાળ દરમિયાન તે પોતે પણ ગેરહાજર રહે છે. શ્રેયસ ઐયર, ઇશાન કિશન જેવા ખેલાડીઓ પોતપોતાની રાજ્ય ટીમો માટે ન રમ્યા ત્યારે તેમને સજા કરીને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. હાર્દિક પંડ્યા પર બરોડા માટે પોતાને સાબિત કરવાનું દબાણ કરવામાં આવ્યું હતું અને અગરકરના નેતૃત્વમાં બીસીસીઆઈના આદેશથી રોહિત શર્મા અને વિરાટ કોહલીને રણજી ટ્રોફી મેચ રમવાની ફરજ પડી હતી.

ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા વિરાટ-રોહિતને રણજી રમાડવાનો અર્થહીન નિર્ણય કરાયો

રોહિત અને વિરાટ બંને માટે રણજી ટ્રોફીમાં હાજરી ખરેખર અર્થહીન હતી કારણ કે ભારત આગામી 50 ઓવરની ચેમ્પિયન્સ ટ્રોફીની તૈયારી કરી રહ્યું હતું અને તે પછી બંનેમાંથી કોઈએ ભારત માટે રેડ બોલ મેચ રમી ન હતી. આવા આદેશ લાગુ કરવા યોગ્ય છે, પરંતુ તે કોઈ હેતુ પૂરો ન કરતો હોય ત્યારે તે માત્ર એક ઘમંડી આદેશ બનીને રહી જાય છે. ઉદાહરણ તરીકે, ઈજા પછી ઘરેલુ મેચ રમવી સમજી શકાય તેવી વાત છે, પરંતુ શા માટે ઓલરાઉન્ડર પર બિનજરૂરી રીતે વર્કલોડ વધારવો જે સફેદ બોલ સેટઅપમાં સૌથી મહત્વપૂર્ણ ભાગ રહ્યો છે? ફક્ત અગરકર અને બીસીસીઆઈ જ તેનો જવાબ આપી શકે છે.

મેસીએ આવતા મહિને ભારતમાં હૈદરાબાદના પ્રવાસની પુષ્ટિ કરી

મેસી કોલકાતાથી પોતાનો પ્રવાસ શરૂ કરીને પછી હૈદરાબાદની મુલાકાત પછી મુંબઈ અને નવી દિલ્હી જશે



નવી દિલ્હી, તા. 28 : આર્જેન્ટિનાના ફૂટબોલ દિગ્ગજ લિયોનેલ મેસીએ આવતા મહિને યોજાનાર 'GOAT ઇન્ડિયા ટૂર 2025'' કાર્યક્રમમાં હૈદરાબાદના સમાવેશની પુષ્ટિ કરી છે.

હૈદરાબાદ ભારતમાં તેનો ચોથો સ્ટોપ હશે. વર્લ્ડકપ વિજેતા કેપ્ટન મેસી કોલકાતાથી પોતાનો પ્રવાસ શરૂ કરશે અને પછી હૈદરાબાદની મુલાકાત લેશે. ત્યારબાદ તે મુંબઈ અને નવી દિલ્હી જશે, જ્યાં તે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળવાની અપેક્ષા છે. મેસીએ તેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર પોસ્ટ કર્યું હતું કે ભારત તરફથી બધાના પ્રેમ બદલ આભાર. 'GOAT ઇન્ડિયા ટૂર' થોડા અઠવાડિયામાં શરૂ થાય છે. મને જાહેરાત કરતા આનંદ થાય છે કે હૈદરાબાદને મારા કોલકાતા, મુંબઈ અને દિલ્હી પ્રવાસમાં ઉમેરવામાં આવ્યું છે. ટૂંક સમયમાં મળીશું, ભારત. 17 નવેમ્બરના રોજ કોચીમાં આર્જેન્ટિના સામેની આયોજિત મૈત્રીપૂર્ણ મેચ રદ થયાની જાહેરાત કેરળના રમતગમત મંત્રી વી. અબ્દુરહિમાન દ્વારા કરવામાં આવ્યા બાદ હૈદરાબાદને ઉમેરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બદલાયેલા સમયપત્રકને કારણે મેસી હવે દેશના ચારેય ખૂણા - પૂર્વ (કોલકાતા), દક્ષિણ (હૈદરાબાદ), પશ્ચિમ (મુંબઈ) અને ઉત્તર (દિલ્હી) માં પ્રવાસ કરશે.

પાકિસ્તાનને હરાવી શ્રીલંકા ત્રિકોણીય સીરિઝની ફાઈનલમાં

રાવલપિંડી, તા. 28 : ત્રિકોણીય સીરિઝની અહીં રમાયેલી એક કરો યા મરો મેચમાં ઝડપી બોલર દુષ્મંતા ચમીરાએ છેલ્લી ઓવરમાં માત્ર ત્રણ રન આપતાં શ્રીલંકાએ લક્ષ્યાંકનો બચાવ કરીને પાકિસ્તાનને છ રનથી હરાવીને ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું.

પાકિસ્તાન પહેલાથી જ ફાઈનલ માટે ક્વોલિફાય થઈ ગયું હતું અને શ્રીલંકાને ઝિમ્બાબ્વેનું સ્થાન લેવા માટે ગુરુવારની મેચમાં જીતની જરૂર હતી.

ઓપનર કામિલ મિશ્રાના 48 બોલમાં 76 રનની મદદથી શ્રીલંકાએ પાંચ વિકેટે 184 રન બનાવ્યા અને પછી પાકિસ્તાનને સાત વિકેટે 178 રન સુધી સિમિત રાખ્યું હતું. પાકિસ્તાનના કેપ્ટન સલમાન અલી આગાએ કેરિયર બેસ્ટ નોટઆઉટ 63 રનની ઈનિંગ્સ રમી હતી પરંતુ તે ટીમને જીતાડી શક્યો નહોતો.

એશિઝની પિન્ક બોલ ટેસ્ટમાંથી પણ પેટ કમિન્સ આઉટ

ડે-નાઈટ એશિઝ ટેસ્ટ માટે ઓસ્ટ્રેલિયાની ટીમ યથાવત, કમિન્સની વાપસીની રાહ લંબાઇ

કમિન્સે સિડનીમાં ટીમના પ્રેક્ટિસ સેશન દરમિયાન બોલિંગ પ્રેક્ટિસ કરી પણ તે સંપૂર્ણ ફિટ નથી

સિડની, તા. 28 (પીટીઆઇ) : બ્રિસ્બેનમાં આગામી ચોથી ડિસેમ્બરથી રમાનારી ડે-નાઈટ બીજી એશિઝ ટેસ્ટમાં પણ પેટ કમિન્સ રમી શકે તેમ નથી તેથી ઓસ્ટ્રેલિયાએ શુક્રવારે પોતાની 14 સભ્યોની ટીમમાં કોઈ ફેરફાર કર્યો નથી. ઈજાગ્રસ્ત કમિન્સની વાપસીની રાહ વધુ વધી ગઈ છે. કમિન્સની ગેરહાજરીમાં, કાર્યકારી કેપ્ટન સ્ટીવ સ્મિથે ઓસ્ટ્રેલિયાને પ્રથમ ટેસ્ટમાં આઠ વિકેટથી જીત અપાવી, જેનાથી યજમાન ટીમ પાંચ મેચની સીરિઝમાં 1-0થી આગળ થઈ ગઈ.

જોકે, કમિન્સ ટીમ સાથે તાલીમ ચાલુ રાખવા માટે બ્રિસ્બેન જશે. 17 ડિસેમ્બરથી એડિલેડમાં શરૂ થનારી ત્રીજી ટેસ્ટ માટે તે પાછો ફરે તેવી અપેક્ષા છે.

શુક્રવારે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર ટીમના પ્રેક્ટિસ સેશન દરમિયાન કમિન્સને સ્મિથને બોલિંગ કરતા દેખાયો હતો. કમિન્સની આઉટ થયા પછી, પર્થમાં પાંચ વિકેટ લેનાર બ્રેન્ડન ડોગેટ મિચેલ સ્ટાર્ક અને સ્કોટ બોલેન્ડ સાથે પેસ બોલિંગની જવાબદારી સંભાળી શકે છે. અન્ય એક અનુભવી ઝડપી બોલર, જોશ હેઝલવુડ પણ સ્નાયુઓમાં ખેંચાણને કારણે પસંદગી માટે પહેલાથી જ ઉપલબ્ધ ન હતો.

ડાબોડી ઓપનર ઉસ્માન ખ્વાજાને ટીમમાં જાળવી રાખવામાં આવ્યો છે પરંતુ બીજી ટેસ્ટ પહેલા તેણે પોતાની ફિટનેસ સાબિત કરવી પડશે. ખ્વાજાને પહેલી ટેસ્ટ દરમિયાન પીઠમાં દુખાવો થયો હતો. જો ખ્વાજા ફિટનેસ પાછી મેળવવામાં નિષ્ફળ જાય, તો ટીમ પાસે ઓલરાઉન્ડર બ્યુ વેબસ્ટર અને વિકેટકીપર-બેટ્સમેન જોશ ઈંગ્લિસના રૂપમાં અન્ય વિકલ્પો છે.

બીજી એશિઝ ટેસ્ટ માટે ઓસ્ટ્રેલિયાની ટીમ :

સ્ટીવ સ્મિથ (કેપ્ટન), સ્કોટ બોલેન્ડ, એલેક્સ કેરી, બ્રેન્ડન ડોગેટ, કેમેરોન ગ્રીન, ટ્રેવિસ હેડ, જોશ ઈંગ્લિસ, ઉસ્માન ખ્વાજા, માર્નસ લાબુશેન, નાથન લિયોન, માઈકલ નેસર, મિશેલ સ્ટાર્ક, જેક વેધરલ્ડ, બ્યુ વેબસ્ટર.

સૈયદ મુશ્તાક અલી ટી-20 ટ્રોફી

પુડુચેરીએ બરોડાને હરાવીને અપસેટ સર્જ્યો

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની હૈદરાબાદમાં રમાયેલી ગ્રુપ સીની એક મેચમાં પુડુચેરીએ અમન ખાનની આક્રમક બેટિંગ અને આદિલ ટુંડાની પ્રભાવક બોલિંગની મદદથી બરોડાને હરાવીને અપસેટ કર્યો હતો. પુડુચેરીએ અમન ખાનના 72 રનની મદદથી નવ વિકેટે 166 રન બનાવ્યા હતા. બરોડા તરફથી રાજ લિંબાણીએ 35 રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. જવાબમાં, શિવાલિક શર્માની અડધી સદી છતા આદિલ અયુબ ટુંડાની 30 રનમાં ચાર વિકેટની વેધક બોલિંગ સામે બરોડાની ટીમ 18.5 ઓવરમાં 149 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

બંગાળે ગુજરાતને ત્રણ વિકેટે હરાવ્યું

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની હૈદરાબાદમાં રમાયેલી ગ્રુપ સીની એક મેચમાં સક્ષમ ચૌધરીની આગેવાનીમાં બોલરોની મજબૂત બોલિંગની મદદથી બંગાળે ગુજરાતને માત્ર 127 રનમાં ઓલઆઉટ કર્યા પછી 18.5 ઓવરમાં સાત વિકેટના ભોગે 130 રન કરીને ગુજરાતને ત્રણ વિકેટે હરાવ્યું હતું. બંગાળ તરફથી બોલિંગમાં સક્ષમે ત્રણ જ્યારે મહંમદ શમી અને સયાન ઘોષે 2-2 વિકેટ લીધી હતી. ગુજરાત તરફથી બેટિંગમાં વિશાલ જયસ્વાલે સર્વાધિક 36 રન કર્યા હતા અને બોલિંગમાં હેમાંગ પટેલ હર્ષલ પટેલ અને રવિ બિશ્નોઇએ 2-2 વિકેટ લીધી હતી.

ઉત્તરાખંડે સૌરાષ્ટ્રને છ વિકેટે હરાવ્યું

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની અમદાવાદમાં રમાયેલી ગ્રુપ ડીની એક મેચમાં કુણાલ ચંદેલાના 94 રનની અને અંજનેયા સૂર્યવંશીની 73 રનની નોટઆઉટ ઇનિંગની મદદથી ઉત્તરાખંડે સૌરાષ્ટ્રને છ વિકેટે હરાવ્યું હતું. પ્રેરક માંકડની આક્રમક અર્ધસદી છતાં ઉત્તરાખંડના બોલરોએ સૌરાષ્ટ્રને સાત વિકેટે 183 રન સુધી સિમિત રાખ્યું હતું. તે પછી બે વિકેટ ઝડપથી ગુમાવીને મુશ્કેલીમાં મૂકાયેલા ઉત્તરાખંડને ચંદેલા અને સૂર્યવંશીએ 165 રનની ભાગીદારીથી 18.1 ઓવરમાં ચાર વિકેટે લક્ષ્યાંક કબજે કરી છ વિકેટે જીત અપાવી હતી.

કંબોજની સુપર ઓવરથી હરિયાણાએ પંજાબને હરાવ્યું

સૈયદ મુશ્તાક અલી ટી-20 ટ્રોફીના ગ્રુપ સી મેચમાં ઝડપી બોલર અંશુલ કંબોજે શુક્રવારે અહીં ભારતના આક્રમક ઓપનર અભિષેક શર્માને બે વાર આઉટ કર્યા બાદ હરિયાણાએ પંજાબને સુપર ઓવરમાં હરાવ્યું હતું. કંબોજે પહેલા ઓપનર અભિષેક અને પ્રભસિમરન સિંહને સસ્તામાં આઉટ કર્યા હતા અને તે પછી સુપર ઓવરમાં કંબોજે અભિષેક અને સનવીર સિંહને ત્રણ બોલમાં જ આઉટ કર્યા હતા અને જીત માટે મળેલા બે રનના લક્ષ્યાંકને નિશાંત સિંધુએ પહેલા બોલ પર ચોગ્ગો ફટકારીને હરિયાણાને જીત અપાવી હતી.

મ્હાત્રેની પ્રથમ સદીની મદદથી મુંબઈએ વિદર્ભને હરાવ્યું

લસૈયદ મુશ્તાક અલી ટી20 ટ્રોફીના એલીટ ગ્રુપ A મેચમાં આયુષ મ્હાત્રેના 53 બોલમાં નોટઆઉટ 110 રન અને શિવમ દુબેના ઓલરાઉન્ડ પ્રદર્શનની મદદથી, મુંબઈએ વિદર્ભને સાત વિકેટથી હરાવ્યું હતું. મ્હાત્રેની ઇનિંગે ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈને શરૂઆતના પછડાટમાંથી બહાર કાઢવામાં મદદ કરી અને એકાના સ્ટેડિયમમાં 13 બોલ બાકી રહેતા 193 રનના લક્ષ્યાંકને પૂર્ણ કરવામાં મદદ કરી. ટીમે 17.5 ઓવરમાં ત્રણ વિકેટે 194 રન બનાવ્યા હતા. તે પહેલા વિદર્ભે નવ વિકેટે 192 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો.

ઓસ્ટ્રિયાને હરાવી પોર્ટુગલ FIFA U-17 વર્લ્ડ ચેમ્પિયન

દોહા, તા. 28 (એપી) : ફિફા અંડર-17 વર્લ્ડકપ ફાઇનલમાં ઓસ્ટ્રિયાને 1-0થી હરાવીને પોર્ટુગલે વય જૂથમાં તેનો પ્રથમ વૈશ્વિક ખિતાબ જીત્યો હતો. 48 દેશોની આ ટુર્નામેન્ટમાં ગુરુવારે રમાયેલી ટાઇટલ મેચની 32મી મિનિટે બેનફિકાના ફોરવર્ડ અનિસિયો કેબ્રાલે મેચનો એકમાત્ર ગોલ કર્યો હતો.

અગાઉ, ઇટાલીએ ત્રીજા સ્થાન માટે રમાયેલી મેચમાં બ્રાઝિલને શૂટઆઉટમાં 4-2થી હરાવ્યું હતું, જેનાથી યુરોપિયન ટીમોને ટોચના ત્રણ સ્થાનો પર નિયંત્રણ મળ્યું હતું. મેચ ડ્રો થયા પછી, ગોલકીપર એલેસાન્ડ્રો લોન્ગોનીએ બે પેનલ્ટી બચાવીને ઇટાલીનો વિજય સુનિશ્ચિત કર્યો હતો.

માસ્ટર સ્વિમિંગ સ્પર્ધામાં ભરત નાવિકે ગોલ્ડ સહિત ત્રણ મેડલ જીત્યા

સુરત : હૈદરાબાદ ખાતે તાજેતરમાં યોજાયેલી સ્વિમિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા સંચાલિત, નેશનલ લેવલની માસ્ટર્સ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં જુદા જુદા રાજયો માંથી લગભગ ૩૦૦થી વધારે હરીફોએ જુદી જુદી કેટેગરી માં ભાગ લીધો હતો. તેમાં સુરતના 75 વર્ષીય ભરત નાવિકે 70 થી 75 વર્ષની કેટેગરીમાં ભાગ લઈ એક ગોલ્ડ અને બે બ્રોન્ઝ પ્રાપ્ત કરી, સુરત તેમજ ગુજરાતનું નામ રોશન કર્યું છે.

નેશનલ સ્ટ્રેન્થ લિફ્ટીંગમાં જયંતી રાણાએ ગોલ્ડ જીત્યો

સુરત : સિક્કિમ ખાતે તાજેતરમાં યોજાયેલી નેશનલ સ્ટ્રેન્થ લિફ્ટીંગ અને ઇન્ક્લાઇન બેન્ચ પ્રેસ સ્પર્ધામાં સુરતના જયતી રાણાએ 60 કિગ્રાની કેટેગરીમાં ભાગ લઇને ઇન્ક્લાઇન બેન્ચ પ્રેસમાં 67.5 કિગ્રા બેન્ચપ્રેસ કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ જીતની સાથે તેઓ કઝાકિસ્તાનમાં આગામી ઓગસ્ટ 2026માં યોજાનારી વર્લ્ડ સ્ટ્રેન્થ લિફ્ટીંમગ ચેમ્પિયનશિપમાં પસંદગી પામ્યા છે.

સેન્ટિયાગો નીવા ભારતીય મહિલા બોક્સિંગ ટીમના કોચ તરીકે નિયુક્ત

નીવા પહેલા ભારતીય બોક્સિંગના હાઇ પર્ફોર્મન્સ ડિરેક્ટર તરીકે કામ કરી ચુક્યો છે

સેન્ટીયાગો નીવા પાસે બે દાયકાથી વધુનો ઉત્કૃષ્ટ ઇન્ટરનેશનલ કોચિંગ અનુભવ છે

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઈ) : ભારતીય બોક્સિંગની માજી હાઇ પર્ફોર્મન્સ ડિરેક્ટર (એચપીડી) સેન્ટિયાગો નીવા મહિલા ટીમની મુખ્ય કોચ તરીકે રાષ્ટ્રીય ટીમમાં ફરી જોડાયો છે. આર્જેન્ટિનામાં જન્મેલી માજી સ્વીડિશ બોક્સર 2017થી 2022 સુધી ભારતીય પુરુષ ટીમ સાથે રહ્યો હતો. તેણે તેમના અગાઉના કાર્યકાળ દરમિયાન ઘણી સીમાચિહ્નરૂપ સિદ્ધિઓનું નિહાળી હતી. જેમાં ટોક્યો ઓલિમ્પિક્સમાં ભારતની અત્યાર સુધીની સૌથી વધુ ભાગીદારી અને 2019 પુરુષોની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બે ઐતિહાસિક મેડલનો સમાવેશ થાય છે.

નીવાએ કહ્યું કે હું ભારતમાં પાછા આવવા માટે ખૂબ જ ઉત્સાહિત છું. મારા છેલ્લા કાર્યકાળ દરમિયાન મેં અહીં પાંચ વર્ષ ખૂબ જ સુંદર વિતાવ્યા. હું આ આગામી પ્રકરણની આતુરતાથી રાહ જોઈ રહ્યો છું. મને આશા છે કે આપણે સાથે મળીને કંઈક મહાન પ્રાપ્ત કરી શકીશું. નીવા પાસે બે દાયકાથી વધુનો ઉત્કૃષ્ટ ઇન્ટરનેશનલ કોચિંગ અનુભવ છે, અને આ ભૂમિકામાં તેણે બોક્સિંગ જગતમાં કેટલાક પ્રભાવશાળી પરિણામો પ્રાપ્ત કર્યા છે. ભારત સાથેના તેમના પ્રથમ કાર્યકાળ પછી, તેણે તાજેતરમાં બોક્સિંગ ઓસ્ટ્રેલિયાના હાઇ પર્ફોર્મન્સ યુનિટના મુખ્ય રાષ્ટ્રીય કોચ અને ટેકનિકલ વડા તરીકે સેવા આપી હતી.

સુડોકુ ૬૩૮૩ - 'કૂટ'

				૭	૧	૯		
				૬				
૭		૧		૩		૫		૬
૩	૪		૧	૨	૭	૬		
	૫	૨						
	૭				૬	૮	૩	૨
	૨			૯	૫	૪	૧	
		૭	૬	૧	૮		૫	૯
		૫					૬	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૭	૩	૬	૨	૨	૯	૩	૬	૭
૭	૩	૨	૭	૬	૩	૬	૮	૨
૩	૬	૨	૩	૭	૨	૭	૩	૬
૨	૬	૩	૬	૨	૭	૩	૬	૨
૩	૨	૭	૬	૩	૨	૬	૭	૩
૬	૨	૩	૭	૬	૩	૨	૭	૬
૩	૭	૬	૨	૩	૬	૨	૩	૭
૭	૩	૨	૬	૭	૩	૬	૨	૩
૬	૨	૩	૭	૬	૩	૨	૭	૬

૬૭૬૩-૭૬૬૭ ક્રિડિક

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

સાંધાનો દુખાવો

લસણની ત્રણ છોલેલી કળી લઈ 250 ગ્રામ દૂધ સાથે પાંચ મિનિટ ઉકાળી, લસણ ચાવીને ખાઈ જઈ ઉપર દૂધ પીવું.

આજનું પંચાંગ

તા. 29/11/2025, શનિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** માગશર :
તિથિ: સુદ- નોમ 23.16, શ્રીહરિ જયંતી
રાષ્ટ્રિય દિનાંક : માગશર : 08
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
નક્ષત્ર : પૂ.ભા. 26.23 **યોગ :** હર્ષણ
કરણ: બાવલ **રાશિ:** કુંભ (ગ.સ.શ.ષ.) 20.34 પછી મીન (દ.ચ.ઝ.થ.) **દિવસ :** અશુભ બુધ માર્ગી 23.10થી
સુરતમાં સૂર્યોદય : 06:59
સુરતમાં સૂર્યાસ્ત : 17:55 **નવકારસી :** 07:47
પારસી વર્ષ : 1395, તીર માસનો 17મો રોજ
મુસલમાન વર્ષ : 1447, જમાદીઉલ આખર માસનો 08મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુ કાળ : સવારે : 09:30 થી 11:00 સુધી.

મેષ (અ.લ.ઇ.): મિત્રો સાથે વિવાદ ટાળવો. નવા રોકાણ બાબતે ધીરજ રાખવી. પ્રેમમાં ગેરસમજથી અશાંતિ વધશે.
વૃષભ (બ.વ.ઉ.): સમાજજીવનમાં સાવધાની રાખવી. વેપાર ધંધાના સોદા થાય. નવા મકાન ઓફિસ ખરીદવાની યોજના બને.
મિથુન (ક.છ.ઘ.): નવી તક મળે. નોકરીમાં નવી જવાબદારી મળે. નવાં કામમાં ભાગ્યનો સાથ મળે. પ્રવાસ ટાળવો.
કર્ક (ડ.હ.): આરોગ્ય નરમગરમ રહે. જૂનાં દર્દો પરેશાન કરે. પોતાના કિમતી સામાનનું ધ્યાન રાખવું.
સિંહ (મ.ટ.): નોકરી માટેની યોજના સફળ રહે. નવાં કામ મળે. રોજની આવક વધે. ભાગીદારીમાં તાલમેળ રાખવો.
કન્યા (પ.ઠ.ણ.): નોકરી-ધંધામાં સાવધાન. હરીફો પરેશાન કરશે. વિજાતીય આવેગ પર કાબૂ રાખવો. ખર્ચા વધશે.
તુલા (ર.ત.): આવક વધે. મોજશોખ, હીરા ઝવેરાત, ગારમેન્ટસના ધંધામાં લાભ. પ્રેમમાં વિવાદ ટાળવો. મિત્રોથી સાવધાન.
વૃશ્ચિક (ન.ય.): નોકરીમાં નવા ફેરફારથી જવાબદારી વધ